



## પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ફૂટપાથ ઉપર બાવળ તથા આકડા ઉગી નિકળ્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ફૂટપાથ ઉપર બાવળ તથા આકડા ઉગી નિકળતા અવરજવર કરતા લોકો ફૂટપાથની જગ્યાએ રોડ ઉપર ચાલવાનો વારો આવ્યો છે. અકસ્માતનો ભય પણ અવરજવર કરતા નગરજનોને સતાવે છે. સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડી રહ્યા છે. પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ ઉપર રોડની બન્ને સાઇડમાં બનાવવામાં આવેલ ફૂટપાથ ઉપર સ્વચ્છતાના અભાવે હાલ ફૂટપાથ ઉપર આકડા તથા ગાડા બાવળો ઉગી નિકળ્યા છે. એપ્રોચરોડ રોડ ઉપર અવરજવર કરતા નગરજનો હાલ તો ફૂટપાથની જગ્યાએ રોડ ઉપર ચાલવુ પડે છે. રાત્રીના સમયે નગરજનોને અકસ્માતનો ભય પણ સતાવે છે. ત્યારે હાલ તો સ્વચ્છતા અને સફાઈના માટે લાખ્ખો રૂપિયાની આવતી ગ્રાન્ટો ક્યાં વપરાય છે તેવા પ્રશ્નો ઉભા થાય છે. હાલ તો પ્રાંતિજનો આ હાર્દ સમાન પ્રવેશદ્વારથી જ ફૂટપાથ ઉપર ઉગી નિકળેલ ગાંડા બાવળો તથા આંકડા સ્વચ્છતાની બિગલ ફુંકતી પ્રાંતિજ પાલિકાની જાણે પોલ ખુલી કરી દીધી હોય તેમ જોવા મળે છે.

## બનાસ ડેરીમાં દિનેશભાઈ ભટોળને ડિરેક્ટર તરીકે પુનઃ ચુંટીને મોકલવા મક્કમ નિર્ધાર

પાલનપુર, તા. ૨૭

બનાસડેરીની ચૂંટણીના નગારા વાગી રહ્યા છે ત્યારે સમગ્ર જિલ્લામાં વર્તમાન ચેરમેન શંકરભાઈ ચૌધરીને પુનઃ ચેરમેન પદે સ્થાપિત કરવા જિલ્લાના દૂધ ઉત્પાદકો, પશુપાલકો અને સહકારી આગેવાનોમાં ભારે ઉત્સાહ વર્તાઇ રહ્યો છે. જેના ભાગરૂપે આજે જલોત્રા પાસે ધનપુરા જીન ખાતે વડગામ તાલુકાના મતદારો અને સહકારી આગેવાનો તેમજ કાર્યકરોની વિશાળ સંખ્યામાં સભા યોજાઈ હતી જેમાં ઉપસ્થિત મતદારોએ પુનઃ દિનેશભાઈ ભટોળને વડગામ તાલુકાના ડિરેક્ટર તરીકે મોકલવા નિર્ધાર કર્યો હતો.



બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં વડગામ મતદાર મંડળના કુલ ૧૨૦ મતદારો પૈકી ૧૦૭ મતદારોએ ઉપસ્થિત રહીને ચેરમેન શંકરભાઈને વડગામ તાલુકામાંથી દિનેશભાઈને જંગી બહુમતીથી વિજય બનાવી ડિરેક્ટર તરીકે મોકલી આપવાનો જયઘોષ કર્યો હતો. જ્યારે ત્રણ મતદારોએ નાની મોટી માંદગી અને ઉંમર અવસ્થાને કારણે ઉપસ્થિત ના રહેવા છતાં તેમનું સમર્થન હોવાનું જણાવેલ હતું.

વડગામ તાલુકાના સૌ મતદારો અને આગેવાનોનો આભાર વ્યક્ત કરતા ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સ્વ. ગલબાકાકાની ભૂમિ એવા વડગામ તાલુકાએ જિલ્લાને બનાસ ડેરી જેવી મોટી ભેટ આપીને પશુપાલકો માટે ઉમદા કામ કર્યું છે. તેમના પગલે પગલે ચાલીને તેમણે રોપેલું બીજ વટવૃક્ષ બને અને હજુ જિલ્લાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બને તે પ્રમાણેના પ્રયાસો તેઓ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે ગલબાકાકાનું સપનું હતું કે દૂધની સાથે બીજા વ્યવસાય પણ ઉભા થાય અને પશુપાલકોની આવકમાં વધારો થાય, એ જ એમની ઈચ્છા મુજબ અમે બટાકા પ્રોજેક્ટ, તેલીબિયાં પ્રોજેક્ટ, મધ પ્રોજેક્ટ, ટી. એચ. આર. પ્લાન્ટ, ગોબરગેસ પ્લાન્ટ અને મેડિકલ કોલેજ જેવા વિવિધ વ્યવસાય ઉભા કર્યા છે જેમાંથી પણ પશુપાલકોને નફો મળી રહ્યો છે.

આવનારા સમયમાં ફોર્ટીફાઈડ આટા નો પ્લાન્ટ પણ કાર્યરત થશે અને અમૂલ બ્રાન્ડથી તેને બજારમાં મુકવામાં આવશે. હાલે ૩૦ મેટ્રિક ટન પ્રતિ દિવસના આટાનું ઉત્પાદન કરવાનો રાજ્ય સરકાર સાથે કરાર કર્યો હોવાનું જણાવ્યું હતું. એ જ પ્રમાણે ગૌમૂત્રમાંથી પણ દૂધની જેમ જ આવક ઊભી થાય તે માટે બનાસ ડેરી સંશોધન કરી રહી છે. ચેરમેને પોતાના કાર્યકાળના પાંચ વર્ષનો હિસાબ આપતા જણાવ્યું કે અનેક નવા પ્રોજેક્ટ શરૂ કરીને પશુપાલકો સુખી થાય તેવા પ્રયાસો કર્યા છે અને આવનારા સમયમાં પણ આજ વિકાસની ગતિ તેજ બનશે તેનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે બનાસ બેંકના ચેરમેન એમ.એલ. ચૌધરી, પૂર્વ ચેરમેન દલસંગભાઈ પટેલ, રાજપૂત સમાજના પ્રમુખ લક્ષ્મણસિંહ રાઠોડ, દરબાર સમાજના અગ્રણી દેવુસિંહ ડાભી, બનાસ બેંકના ડિરેક્ટર કેશરભાઈ વાયડા, સહકારી અગ્રણી પચાણભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરીને વડગામ તાલુકામાંથી દિનેશભાઈ ભટોળને ડિરેક્ટર તરીકે મોકલવા સૌને અનુરોધ કરીને ચેરમેન શંકરભાઈ ચૌધરીની કાર્યપ્રણાલી અને ખેડૂતો માટેની ઉદાત ભાવનાને બિરદાવી હતી.

## ધાનેરાના નેનાવા ગામમાં કોરોનાના કેસ વધતા ફરીવાર લોકડાઉન

ગ્રામજનો દ્વારા સાત દિવસ માટે સમગ્ર ગામ ને ફરીવાર દિવસ માટે સમગ્ર ગામ ને ફરીવાર લોકડાઉન કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના નેનાવા ગામના ની તો રહ્યા છે તો કેટલીક જગ્યા પર સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક નો સમગ્ર ગામને લોકડાઉન કરવામાં આવ્યું છે ત્યારે ગ્રામજનોને કોઈ



લોકડાઉન કરવામાં આવ્યું : જીવન જરૂરિયાત ચીજવસ્તુઓની દુકાન સવારે ૭થી ૧૦ સુધી ખુલ્લી રહેશે.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના નેનાવા ગામના કોરોના ના ત્રણ કેસ પોઝિટિવ આવતા ગ્રામજનો દ્વારા સાત

સમગ્ર દેશ અને રાજ્યમાં કોરોના ના કેસ દિનપ્રતિદિન વધતા જોવા મળી રહ્યા છે અને કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે તો ક્યાંક ને ક્યાંક લોકોમાં કોરોના નો ભય નથી જોવા મળતો તો કેટલીક જગ્યાએ લોકો કોરોના ને લઈ લોકો જાગૃત બન્યા છે વાત છે નેનાવા ગામે કોરોના ના કેસ પોઝિટિવ આવતા ગ્રામજનો દ્વારા સમગ્ર ગામને ફરીવાર લોકડાઉન કરવામાં આવ્યું છેએક તરફ કોરોનાનો કહેર છે તો બીજી તરફ લોકોમાં ક્યાંકને ક્યાંક કોરોના નો ભય નથી જોવા મળતો કેટલી જગ્યા પર લોકોના મેળાવડા જોવા મળી અભાવ જોવા મળી રહ્યો છે ત્યારે ધાનેરા તાલુકાના નેનાવા ગામના લોકો જાગૃત બન્યા છે ગામમાં માત્ર ત્રણ કેસ પોઝિટિવ આવતા સમગ્ર ગામને ફરીવાર લોકડાઉન કરી દીધું છે પોતાના ગામના લોકો સુરક્ષિત રહે અને કોરોના સંક્રમણ માં ના આવે તે માટે સાત દિવસ સુધી મુશ્કેલી ન પડે તે માટે મેડિકલ સુવિધા તેમજ જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની દુકાનો સવારે ૭ થી ૧૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવા માટે સુચન કર્યું છે નેનાવા ગામના અગ્રણીઓએ પોતાના ગ્રામજનોની કાળજી રાખી કોરોના નું સંક્રમણ ન ફેલાય તે માટે આ પગલું ભર્યું છે.

## પાલનપુરમાં અસામાજિક તત્વો દ્વારા કબૂતરનો શિકાર કરાતાં જીવદયાપ્રેમીઓમાં આક્રોશ

### પગલાં ભરવાની માંગ સાથે જોરાવર પેલેસમાં પોસ્ટર ચિપકાવાયા

પાલનપુરમાં વહેલી સવારે અસામાજિક તત્વો દ્વારા કબૂતરનો શિકાર કરવામાં આવતો હોઈ જીવદયા પ્રેમીઓમાં આક્રોશ પ્રસર્યો છે. જેમની સામે પગલાં ભરવાની માંગ સાથે જોરાવર પેલેસમાં પોસ્ટર ચિપકાવાયા હતા.

પાલનપુરમાં વહેલી સવારે દુકાનોના છજા તેમજ ઝાડ ઉપર બેઠેલા કબુતરોનો શિકાર કરતી ટોળકી સક્રિય થઈ છે. જેમની સામે પગલાં ભરવા જીવદયા પ્રેમીઓ દ્વારા જોરાવર પેલેસમાં પોસ્ટર ચિપકાવાયા હતા. જેમાં જણાવાયું હતું કે, તમે સવારે વહેલા ઉઠીને ચણનું દાન કરો છો. પણ અમને દાણા ચણવા આવતાં પહેલા મારી નાંખી થેલામાં ભરીને લઈ જાય છે. અમારી રક્ષા કરવા વાળું કોઈ નથી. અમને કોઈ બચાવો આવા લખાણ દ્વારા અસામાજીક તત્વો સામે પગલાં ભરવા માંગ કરાઈ છે. ઉલ્લેખનિય છે કે, અગાઉ પણ શહેરના ગુરૂનાનક ચોકમાં વહેલી સવારે પસાર થઈ રહેલા બાવરી કોમના કિશોર પાસે રહેલા થેલાની જીવદયાપ્રેમીએ તલાસી લેતાં તેમાંથી પંદર મૃત કબુતરો મળી આવ્યા હતા. જેથી ચોંકી ઉઠેલા જીવદયાપ્રેમીઓએ આ અંગે વન વિભાગ અને પોલીસને જાણ કરી આ કિશોરને તેમને સોપ્યો હતો. જેમના સમક્ષ કિશોરે આ કબુતરોનો શિકાર કરી તેનો ખાવામાં ઉપયોગ કરવામાં આવતો હોવાનો અને શિકાર કરવામાં ચારથી વધુ શખ્સો સામેલ હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. જોકે, આવા શખ્સો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી છુટોદોર મળી રહ્યો છે.

## પાલનપુરમાં કાપડની પેઢીમાં રોકાણ કરેલા ૧૦ લાખ પરત ન કરી છેતરપીંડી

પાલનપુર

પાલનપુર તાલુકાના માલણ ગામના એક ગૃહસ્થને પાલનપુરમાં કાપડની પેઢી ધરાવતાં વેપારીએ એક વર્ષમાં ડબલ નાણાં કરી આપવાની લાલચ આપી રૂપિયા ૧૦ લાખનું રોકાણ કરાવ્યું હતું. જોકે, તે બાદ રકમ પરત ન આપી છેતરપીંડી આચરી હતી. આ અંગે પાલનપુરના પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમાં વિશ્વાસઘાત અને છેતરપીંડીના ચકચારી બનેલા કિસ્સાની વિગતો એવી છે કે, પાલનપુર તાલુકાના માલણ ગામના પસાભાઈ મોતીભાઈ પ્રજાપતિની મુલાકાત અઢી વર્ષ અગાઉ પાલનપુરમાં કાપડની પેઢી ધરાવતાં યોગેશકુમાર વાસુદેવભાઈ મોદી સાથે થઈ હતી. જેમણે પોતાની સાનિધ્ય એન્ટર પ્રાઈઝ નામની કાપડની પેઢીમાં બે વર્ષમાં ડબલ નાણાં કરી આપવાની લાલચ આપી રૂપિયા ૧૦ લાખનું રોકાણ કરાવ્યું હતું. જોકે, તે બાદ નાણાંની ઉઘરાણી કરતાં રકમ પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી હતી. આ અંગે પસાભાઈએ પાલનપુરના પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વેપારી સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજ્ય, શહેર, તાલુકા, ગામ અને આંગણે પાંચ કોવિડ

## વિજય રથનો વ્યાપ કોરોના પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જાગૃત્તિના પંથે અગ્રેસર

### મહિલા અને બાળકોમાં પોષણના મહત્વ વિશે લોકોને માહિતગાર કર્યા

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં શહેર, તાલુકા, ગામ અને આંગણે કોરોના પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જાગૃત્તિના પંથે પાંચ કોવિડ વિજય રથ અગ્રેસર છે. રથ પર સવાર કલાકારો પોતાની વિવિધ કળાઓ જેવી જે ભવાઈ, જાદુ, ડાયરો, ભજન, નાટક વગેરે દ્વારા લોકોના મનમાં સળવળતા પ્રશ્નો જેવા કે કોરોનાના લક્ષણો શું છે? શું સાવચેતી રાખવી જોઈએ? નવજાત શિશુ માટે પોષણનું શું મહત્વ છે? તાજેતરમાં પસાર થયેલા ૩ કૃષિ વિધેયકથી શું ફાયદો થશે? વગેરે પ્રશ્નોના લોકોને સચોટ અને સરળ ભાષામાં જવાબ આપીને તેમને માહિતગાર કરી રહ્યા છે.

આજે અઢારમા દિવસે રાજકોટ જીલ્લાના જસદણ તાલુકાના આટકોટ ગામના મેડિકલ ઓફિસર ડૉ. સુનિલ ચૌધરીએ કોવિડ વિજય રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે ૫૫ કિલોમીટર ભ્રમણ કર્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન આટકોટ ગામ, જાંગવડ ગામ, કોટડા ગામ વગેરે ગામોમાં ભ્રમણ કરીને રથ પર સવાર કલાકારોએ સ્થાનિક લોકોમાં પોષણ એટલે શું? પોષણનું મહત્વ તેમજ કોરોના જાગૃતિ સંદેશ પહોંચાડ્યો હતો તેમજ આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું.

મહેસાણા જિલ્લાના આંબલીયાસન ગામના સરપંચ શ્રીમતી લક્ષ્મી મણીલાલ મકવાણાએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથ આંબલીયાસન ગામ, લાંઘણજ ગામ, ખેરવા ગામ, મેઉ ગામ, ગોઝારીયા ગામ વગેરે જેવા ગ્રામીણ વિસ્તારોમાં ભ્રમણ કર્યું હતું. રથ પર સવાર કલાકારોએ પોષણના મહત્વની અને કોરોના જાગૃતિ સંદેશની સ્ટેન્ડી મૂકી લોકોને એના વિશે માહિતગાર કર્યા હતા.



## બનાસકાંઠામાં કોરોનાના નવા ૩૧ પોઝિટિવ કેસ

બનાસકાંઠા જિલ્લામાં રવિવારે કોરોનાના ૩૧ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૮૩૨ પહોંચી ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫૬ પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન ગંભીર હદે વધી રહ્યું છે.જ્યાં રવિવારે નવા ૩૧ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૮૩૨ પહોંચી ગઈ છે. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુરમાં ૨૩, દાંતા ૩, વડગામ ૩, ધાનેરા ૧ અને સુઈગામ ૧ કેસ નોંધાયો હતો. જિલ્લામાં એન્ટીજન સેમ્પલ ૧૦૧૧ લેવાયા હતા. જેમાં ૮ પોઝિટિવ જ્યારે આરટીપીસીટી ગવર્મેન્ટ ૪૯ સેમ્પલ લેવાયા હતા. જેમાં ૧૩ દર્દીઓ પોઝિટિવ આવ્યા હતા. અને આરટીપીસીટી ખાનગી ૪૪ સેમ્પલ લેવાયા હતા. જેમાં ૧૩ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.



ઉત્તર ગુજરાત વીજ કંપની મોડાસા વિભાગીય કચેરીના તાબા હેઠળની ટિંટોઇ પેટા વિભાગીય કચેરીના લાલપુર ગામે નાયબ ઈજનેર બી.વી. ફેરાની અધ્યક્ષતામાં યુજીવીસીએલ આપના દ્વારે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આજુ બાજુ લાલપુર ગ્રામ પંચાયતમાં આવતા કુલ ૩ ગામોના ગ્રાહકોના ભારે ઉસ્તાહ અને સહકારના કારણે નવીન વીજ જોડાણની અરજીઓ, વિજભારમાં વધારો કરવાની અરજીઓ તથા નામ ફેરફાર કરવાની કુલ-૪૭ અરજીઓનો સ્થળ ઉપર જ નોંધણી કરીને નિકાલ કરવામાં આવ્યો તથા સાથે સાથે વિજબીલ ભરવાની પણ સુવિધા કરેલ હતી જેમાં વિજબીલના નાણાં પેટે ૧૧૫૦૦ રૂપિયાની પણ વસુલાત થયેલ છે. તેમજ યુજીવીસીએલની તમામ ઉપલબ્ધ સેવાઓની જાણકારી/માહિતી આપવામાં આવી તેમજ સ્થળ પર જ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

### રાજસ્થાન રાજ્યમાં શિક્ષકની ભરતી બાબતે

## આદિવાસી વિદ્યાર્થીઓ દ્વારા ચાલતા આંદોલનમાં અરવલ્લી જિલ્લા પોલીસ સતર્ક

રાજસ્થાન રાજ્યમાં આદિવાસી વિદ્યાર્થીઓનું



આંદોલન ૧૮ દિવસથી શિક્ષકોની ભરતી બાબતે ચાલી રહેલ આંદોલનમાં ગુજરાતથી રતનપુર થઈ જતા નેશનલ હાઈવે રોડ નં. ૮નો ખેરવાડા રાજસ્થાન તરફ બંધ છે. અને ગુજરાત રાજ્યમાં જેમાં મુખ્યત્વે આ રાજસ્થાન રાજ્યની બોર્ડરને અડીને આવેલ વિસ્તારમાં કોઈ પ્રત્યાઘાત ન પડે તે સારૂ અભય ચુડાસમા, નાયબ પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર વિભાગ, ગાંધીનગર તથા સંજય ખરાત, પોલીસ અધિક્ષક, અરવલ્લીનાઓની સુચના અન્વયે ભીલોડા, શામળાજી, ઈસરી, મેઘરજ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી સતત ચાંપતી નજર રાખી રહેલ છે. અને રતનપુર તરફ જતા નેશનલ હાઈવે રોડ નં. ૮નો ટ્રાફિક ભીલોડા થઈ ઈડર, ખેડબ્રહ્મા તરફ ડાયવર્ટ કરેલ છે. બીજા વાહનો મેઘરજ ઉન્ડવા થઈ સીમલવાડા તરફ ડાયવર્ટ કરેલ છે. તેમજ માલપુર તરફના વાહનો પણ કાલીયાકુવા તરફ ડાયવર્ટ કરવામાં આવેલ છે. અરવલ્લી જીલ્લામાં કોઈ ગંભીર અનિચ્છનીય બનાવ બનેલ નથી.

આ આંદોલન રાજસ્થાન રાજ્યના ખેરવાડા તરફ ચાલી રહેલ છે. ગુજરાત રાજ્યની રતનપુર બોર્ડર ઉપર કોઈ જ પ્રત્યાઘાત પડેલ નથી. પરંતુ સોશ્યલ મિડીયા ઉપર તેમજ અમુક ન્યુઝ ચેનલો ઉપર રાજસ્થાન રાજ્યના ફોટોગ્રાફ મુકી રતનપુર ચેકપોસ્ટ ઉપર બનાવો બનેલ છે અને રતનપુર ચેકપોસ્ટ ઉપર માહોલ ગંભીર છે તે રીતે બતાવવામાં આવે છે પરંતુ તે હકીકત સત્યથી વેગળી છે. નાના એક બે બનાવો બાદ કરતાં ગુજરાત રાજ્યની બોર્ડર ઉપર હાલ શાંતિ છે.

જેથી આંદોલન સબબ ખોટી અફવાઓથી દુર રહેવા પત્રકાર મિત્રો તથા જાહેર જતાને અપીલ છે. રાજસ્થાન રાજ્યમાં બનેલ બનાવોના કોઈ પ્રત્યાઘાતો ગુજરાતમાં તેમજ ખાસ કરીને અરવલ્લી જીલ્લા બોર્ડર ઉપર ન પડે તે સારૂં બોર્ડર ઉપરના અનુસુચિત જનજાતિના આગેવાનો સાથે અરવલ્લી જીલ્લા



પોલીસ સતત સંપર્કમાં રહી શાંતિ જળવાઈ રહે તે સારૂં સતત પ્રયત્ન કરી રહેલ છે. રાજસ્થાન ગુજરાત રાજ્યની બોર્ડર ઉપર અરવલ્લી પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે અને ઉપરી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહેલ છે.